ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# રસી સંપૂર્ણ સલામત છે : તબીબોનો મત

**એપોલો ખાતે ૭૮ વર્ષીય સિની. ગાયનેકોલોજીસ્ટ ડો. સુમિત્રા મુદ્રીકરણે પણ હોંશભેર ભાગ લીધો : સિવિલમાં ડો. નિયતિબેન લાખાણી, ડો. દિનકર ગોસ્વામીએ રસી લીધી, માણસામાં ડો. કાનન શુકલા અને આઈ.એચ.એ. માણસાના પ્રમુખ ડો. પ્રફુલ્લ પટેલે પણ રસીકરણ કરાવ્યુ : પ્રથમ દિવસે ૪૫૪ કોરોના વોરિયર્સનું રસીકરણ સંપન્ન થયુ**









ગાંધીનગર, તા. ૧૬

આ રસી સંપૂર્ણ રીતે સલામત છે અને કોરોના સામે લડવા માટે તે મુકાવવી જરૂરી છે. રસી લીધા પછી કોઈ તકલીફ પડતી નથી તેમ જિલ્લામાં રસી લેનારા વિવિધ તબીબોએ તેમના મંતવ્યમાં આ વિગતો જણાવી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રસીકરણનો આરંભ સિવિલ સુપ્રિ. ડૉ. નિયતિબેન લાખાણીને રસી આપી કરવામાં આવ્યો હતો. તેમણે ૩૦ મિનિટના ઓબ્ઝર્વેશન પછી પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ રસી સંપૂર્ણ રીતે સુરક્ષિત છે. રસી વિશે કોઈ શંકા રાખવાની જરૂર નથી.

માણસા ડિસ્ટ્રીકટ સબ હોસ્પિટલના સુપ્રિ. ડૉ. કાનન શુક્લાએ પણ પત્રકારોને જણાવ્યુ હતુ કે સંપૂર્ણ સુરક્ષીત અને સમાલમત રસી છે. રસી લીધા પછી પણ કોઈ તકલીફ તેમને પડી નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રથમ રસી ડૉ. નિયતિબેન લાખાણીને અપાયા બાદ આસિ. આર.એચ.ઓ. ડૉ. કલ્પેશ પરીખ, ડૉ. વી.કે. પરીખ, ડૉ. દેવાંગ શાહ, નર્સિંગ સુપ્રિ. જાગૃતિબેન પટેલ, મેડીકલ કોલેજના ડે. સી.ઈ.ઓ. ડૉ. બીપીનભાઈ નાયકે રસીકરણ કરાવ્યુ હતુ.

માણસા ખાતે ડૉ. કાનન શુકલા, માણસા આઈ.એચ.એ.ના પ્રમુખ ડૉ. પ્રફુલ્લભાઈ પટેલ, દહેગામના પાલુન્દ્રા ખાતે ડૉ. બિપીન શાહ, ડૉ. અનિલ પંડ્યા, મોખાસણ ખાતે ડૉ. શશીકર તથા આઈ.એચ.એ.ના ડૉ. પ્રવિણ પ્રજાપતિ એપોલો હોસ્પિટલ ખાતે ૭૮ વર્ષીય સિનીયર ગાયનેકોલોજીસ્ટ ડૉ. સુચિત્રા મુદીકર, ડૉ. શેરૂ જમીનદાર, ન્યુરો ફિઝીશ્યન ડૉ. શાંતિભૂષણ સહિતના તબીબોએ રસી લીધી હતી.

ગાંધીનગર જિલ્લા હોસ્પિટલ ખાતે સિનિ. ફિઝીશ્યન અને એડી. સિવિલ સુપ્રિ. ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. અંકિત પટેલ, ડૉ. દેવેન્દ્ર ગોસ્વામી તેમજ સિકયોરીટી સ્ટાફ, મેડીકલ કોલેજના કર્મયોગીઓ, નર્સીંગ સ્ટાફ સહિતના સ્ટાફે રસીકરણ કરાવ્યુ હતુ.

જિલ્લામાં આજે પ્રથમ દિવસે ૪૫૪ જેટલા કોરોના વોરિયર્સનું રસીકરણ કરવામાં આવ્યુ હતુ.

# ગુડા વિસ્તારમાં ૩૨૩ કરોડના કામોનુ મુખ્યમંત્રીએ ખાતમુહુર્ત કર્યુ

**ગાંધીનગરમાં પોલીસ કમિશ્નર કક્ષાની કચેરી કાર્યરત થશે : આજનો દિવસ ઐતિહાસિક ૧૬૧ સ્થળોએ ૧૬ હજારને વેકિસન અપાઇ : મુખ્યમંત્રી**









**ગુડાના સરગાસણ ,વાવોલ અને પેથાપુરમાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે ૨૧૦૦ આવાસો બનશે : ગુડા વિસ્તારમાં રૂ ૬૬ કરોડના ખર્ચે ૬૫ એમ એલ ડી ક્ષમતા ધરાવતો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૭૮ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર લાઇનના સહીતના વિવિધ કામોનુ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખાતમુહુર્ત કર્યુ**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના ગુડા વિસ્તારમાં સ્થિત સરગાસણ , વાવોલ અને પેથાપુરમાં ૨૧૦૦ જેટલા નવા આવાસો બાંધવાની યોજનાને અનુલક્ષીને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે રૂ ૩૨૩ કરોડના વિવિધ કામોનુ ખાતમુહુર્ત કર્યુ હતુ જેમાં ગુડા વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સ્ટોર્મ વોટર લાઈનનો પણ સમાવેશ થાય છે. આ તબક્કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે વિકાસની પ્રાથમિક જરૂરિયાત પાણી અને બીજી જરૂરિયાત કાયદો અને વ્યવસ્થા છે. તેમણે ટુંક સમયમાં ગાંધીનગરમાં પોલીસ કમિશ્નર કક્ષાની કચેરી કાર્યરત થશે તેમ પણ જણાંવ્યુ હતુ.

ગુડા વિસ્તારમાં રૂ ૩૨૩ કરોડના કામોનુ ખાતમુહુર્ત કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે દિવસ ઉગે છે અને આથમે છે તે રીતે રાજયમાં વિકાસ કામો થઈ રહ્યા છે. કોરોનાના કપરા કાળમાં પણ વિકાસ યાત્રા અટકી નથી. છેલ્લા ૬ મહીનામાં જ ૨૬ હજાર કરોડના વિકાસ કામોનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શહેરોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની દિશામાં આગળ વધ્યા છે. રાજયના શહેરોનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૨૨ સુધી પીવાનુ શુધ્ધ પાણી નળ સે જળ યોજના અંતર્ગત આપવા માટે પણ કામગીરી ચાલી રહી છે. ઝુંપડાના સ્થાને પાકા મકાનો મળે તે દિશામાં પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ઘરે ઘરે શૌચાલયો બનતા રાજય જાહેર શૌચક્રીયા મુક્ત બન્યુ છે. રાજયમાં દરવર્ષે ૫ થી ૭ લાખ મકાનો બનાવામાં આવી રહ્યા છે. જેમાં હવે ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં ૧૨૦૮, વાવોલમાં ૭૯૨ અને પેથાપુરમાં ૧૦૦ આવાસો બાંધવામાં આવશે. વિકાસની પ્રાથમિક જરૂરિયાત પાણી છે તેમ બીજી જરૂરિયાત કાયદો અને વ્યવસ્થા છે પરંતુ સરકારના શાસનમાં કાયદાનો કડક અમલ પણ થઈ રહ્યો છે. ભુમાફિયા સામે પણ કડક પગલા લેવાઈ રહ્યા છે. છેલ્લા ૩ વર્ષમાં ૩૦૦ થી વધુ ટી પી સ્કીમ અને ૪૦ જેટલી ડીપીને મંજુરી આપવામાં આવી છે. હવે ઘરે બેસીને પણ નકશા મંજુર થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કલોલની દુર્ઘટનાનો મુદ્દો જિલ્લા સંકલન સમિતિમાં છવાયેલો રહ્યો

ગાંધીનગર, તા. ૧૬

કલોલમાં થયેલ ધડાકાનો અને આવાસ ધ્વંસ થતાં ત્રણ વ્યક્તીઓએ ગુમાવેલા જાનનો મુદ્દો જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં છવાયેલો રહ્યો હતો.

૪૫ મિનિટ કરતાં પણ વધુ સમય સુધી આ બાબતે જવાબદારો સામે તંત્ર દ્વારા પગલાં કેમ લેવાતા નથી ? મૃતકોના પરિવારજનોને સહાય કેમ ના ચુકવાઈ ? પોલીસ તપાસ ધીમીગતિએ કેમ ચાલે છે ? જેવા આક્રમક સવાલો કોંગીના ધારાસભ્યો બળદેવજી ઠાકોર અને ડૉ. સી.જે. ચાવડાએ ઉઠાવ્યા હતા.

તેમણે ઔડા અને ઓ.એન.જી.સી.ના અધિકારીઓ પર પણ આ મુદ્દે તડાપીટ બોલાવી હતી.

બળદેવજી ઠાકોરે કલોલમાં આ એક દુર્ઘટના પછી પણ તંત્ર દ્વારા પગલાં લેવામાં આવતા નથી તે અંગે આક્રોશ ઠાલવ્યો હતો. બળદેવજી ઠાકોરે જણાવ્યુ હતુ કે તેઓ વારંવાર ઓ.એન.જી.સી.ની પાઈપલાઈનો પસાર થાય છે ત્યાં સોસાયટીઓના બાંધકામ મુદ્દે વારંવાર રજુઆતો કરી છે પરંતુ તંત્ર હંમેશા આંખ આડા કાન કરી રહેલ છે.

એક તબક્કે ઔડાએ ટી.પી.માં ફેરફાર કરવાની વાત પણ કહી હોવાથી સભ્યએ વધુ ઉગ્રતા સાથે આ મુદ્દે બેઠકમાં તડાપીટ બોલાવી હતી.

આ બેઠકમાં કર્મચારીઓના નિવાસસ્થાન માટે પ્લોટ ફાળવવાના પ્લોટ પર બિલ્ડર દ્વારા બાંધકામ હાથ ધરાયાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો.

## ચાર દાયકા બાદ આઈ ટી આઈનુ જુનુ બિલ્ડીંગ તોડીને નવુ બનાવાશે

**વર્કશોપ, થિયરી કલાસરૂમ, કોન્ફરન્સ હોલ, પાર્કીંગ, કમ્પાઉન્ડ વોલ, બગીચા સહીતનુ કામ હાથ ધરાશે : વર્કશોપ અન્ય જગ્યાએ ખસેડાશે**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં ચાર દાયકા જુનુ આઈ ટી આઈનુ બિલ્ડીંગ તોડીને નવુ બાંધવામાં આવશે. જુનુ બિલ્ડીંગ તોડવાનુ કામ પણ હવે હાથ ધરાશે. જયારે હાલ વર્કશોપ પણ અન્ય જગ્યાએ ખસેડવામાં આવશે. નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૯ કરોડનો ખર્ચ કરાશે. આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. ટુંકમાં ટેન્ડર મંજુરીના અંતે કાર્યયોજનાનુ કામ આગળ વધશે.

ગાંધીનગરના આઈ ટી આઈ બિલ્ડીંગમાં અત્યાર સુધી સેંકડો વિદ્યાર્થીઓ તેમની કારકીર્દી બનાવવા માટે નવો કોર્ષની તાલીમ લીધી છે. જયારે હાલ પણ આ સંસ્થામાં અનેક બેરોજગારોને તાલીમના અંતે રોજગારી મળે તેવા

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રીય સચિવ ડી. મિશ્રાએ શહેરની ડમ્પીંગ સાઈટની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૬

આજે ગાંધીનગર આવેલા કેન્દ્રના શહેરી વિકાસ સચિવ દુર્ગાશંકર મિશ્રાએ ગાંધીનગર મનપાની ડમ્પીંગ સાઈટની મુલાકાત લીધી હતી. આ ડમ્પીંગ સાઈટ પર એકત્ર કરાયેલા કચરાનું સેગ્રીગેશન કરવાની કામગીરી ઉપરાંત નિકાલ માટે રખાયેલ ત્રણ ટ્રો મીલની કામગીરી જોઈ તેમણે સંતોષ વ્યકત કર્યો હતો. આ અગાઉ મનપા દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેકટસ અંગેનું પ્રેઝન્ટેશન પણ તેમની સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં ટ્રો મીલ દ્વારા કચરાના નિકાલની કામગીરી આગામી ૪ થી ૫ મહિનામાં પૂર્ણ થતાં તેને રિડેવલપ કરી ગાર્ડન, લેન્ડસ્કેપીંગ સાથેનો ડેવલપ કરવા ઉપરાંત રિવર ફ્રન્ટ ડેવલપ કરવાની વાત રજુ કરાઈ હતી તે જાણી તેમણે ખુશી વ્યકત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના ૧૬ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૮ કેસ સહિત ગ્રામ્ય વિસ્તારમાં ૯ કેસ નોંધાયા : શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામેથી બે કેસ ઉપરાંત સે. ૨, ૨૩, ૨૭, ૨૯ અને ૧૩ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. જિલ્લામાં કેસોની સંખ્યામાં થઈ રહેલા ચડાવ-ઉતારને લઈ તંત્ર પણ વિમાસણમાં મુકાયુ છે જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯ કેસ અને ગાંધીનગર શહેરમાં ૭ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮ કેસ ગાંધીનગર તાલુકામાં તો ૧ કેસ કલોલ તાલુકામાં નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામેથી બે કેસો મળવા ઉપરાંત વાવોલ, મહુન્દ્રા, અડાલજ, ભાટ, કુડાસણ, વાયુશક્તિનગર આલનપુરમાંથી કેસો મળી આવેલ છે. કલોલ તાલુકાના ઈસંડ ગામેથી ૬૫ વર્ષીય નિવૃત્ત નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં આજે નોંધાયેલા નવ કેસમાંથી પાંચને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં હાલ ૫૬ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૩૮૮૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૫૬૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાંથી આજે સાત નવા કેસ કોરોનાના મળી આવ્યા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં એક સપ્તાહ બાદ કેસો દેખાયા છે.

પાલજ ગામેથી આજે બે કેસ ઉપરાંત સે. ૨, ૨૩, ૨૭, ૨૯, ૧૩ માંથી પણ કેસ મળી આવેલ છે.

આજે સંક્રમિત થનારાઓમાં યુ.એન. મહેતા હોસ્પિટલની સ્ટાફ નર્સ, પાટનગર યોજનાના કર્મયોગીનો સમાવેશ થાય છે. આજે શહેરમાંથી નોંધાયેલા કેસોમાં ૧ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## ભાજપ દ્વારા એક જ દિવસમાં ૩૫૦૦થી વધુ મતદારોના વિસ્તાર બદલવાની અરજી રજુ થઈ


ગાંધીનગર, તા. ૧૬

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદારો દ્વારા વિસ્તાર બદલવાની અરજીઓ એક જ દિવસમાં ૩૫૦૦ જેટલી આવી હોવા પાછળ ભાજપનો રાજકીય હાથ હોવાના ગંભીર આક્ષેપ સાથે આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં કોંગી ધારાસભ્યોએ ઉગ્ર રજુઆત કરી હતી. આજે આ મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર દ્વારા આ બાબતે તપાસ કરી અને રિપોર્ટ તેમને આપવામાં આવે તેવી માંગ કરી હતી.

આ ધારાસભ્યોએ જણાવ્યુ હતુ કે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની મતદાર યાદી પ્રસિદ્ધ થવાની હતી તે અગાઉ આ કામગીરી કરવામાં આવી છે. મતદારોની હેરાફેરી ભાજપ દ્વારા પ્રયોજીત હોવાનો આક્ષેપ કર્યો હતો.

ધારાસભ્યોની ઉગ્રતાને ઠંડી પાડવાનો પ્રયાસ કરી અધિક નિવાસી કલેકટર એચ.એન. જાડેજાએ જણાવ્યુ હતુ કે આ બાબતે તેઓ ચોક્કસ તપાસ કરાવશે. તેમણે આવી કોઈ બાબત હાલ તેમના ધ્યાને આવી નથી પરંતુ તપાસ કરી અને જરૂરી તમામ પગલાંઓ લેવામાં આવશે તેવી હૈયાધારણ પણ તેમણે આપી હતી.

**PROMOTED TO GLORY**



**Mr. P.T. Joseph**

(31st May 1940 to 15th Jan. 2021)

***Jesus said... "I am the resurrection and the life.***
***The one who believes in me will live,***
***even though they die;***
***and whoever lives by believing in me will never die.***

Our father passed away peacefully on 15th January 2021 into eternity Funeral service was held the same day.

**In grief**

Mrs. Lois Joseph wife of (Late) Mr. P. T. Joseph
James Joseph & Reena James, Jones Joseph & Joice Jones,
Mrs. Mini Jojy wife of (Late) Major Jojy Joseph
Jerry, Jeffrey, Joanna, Janessa, Julia, Joshua
For tributes - email on **reachjames.in@gmail.com** and **jones19@gmail.com**

**બેસણું**




અમારા લઘુબંધુ
**કેસરી સિંહજી ભાટી** IPS IGP
અમદાવાદ રેન્જ નાઓ તા.૧૦-૦૧-૨૦૨૧ના રોજ શિવશરણ થયેલ છે. **સદ્ગતનું ટેલિફોનીક બેસણું તા. ૧૮-૦૧-૨૦૨૧ને સોમવારના રોજ ગામઃ ભાણપુર, તા.વિજાપુર ખાતે સવારે ૯ કલાકે રાખેલ છે.**

**સિધ્ધરાજસિંહજી ગુલાબસિંહજી ભાટી IPS** (ભાઈ)
નિવૃત અધિક પોલિસ મહાનિર્દેશક શ્રી ગુજરાત રાજ્ય
**હર્ષવીર સિંહજી કેસરી સિંહજી ભાટી** (પુત્ર)
**જયદેવ સિંહજી કેસરી સિંહજી ભાટી** (પુત્ર)
**યથાર્થ સિંહજી હર્ષવીર સિંહજી ભાટી** (પૌત્ર)
**અર્થવ સિંહજી હર્ષવીર સિંહજી ભાટી** (પૌત્ર)
**પ્રદ્યુમન સિંહજી છત્ર સિંહજી ભાટી** (ભત્રીજા)
**ભગીરથ સિંહજી જસવંત સિંહજી ભાટી** (ભત્રીજા)
**રણવીર સિંહજી સિધ્ધરાજ સિંહજી ભાટી** (ભત્રીજા)
**કુશાગ્રદેવ સિંહજી રણવીર સિંહજી ભાટી** (પૌત્ર)
**બલદેવ સિંહજી ગંભીર સિંહજી ભાટી** (કાકાશ્રી)
**પ્રવીણ સિંહજી લક્ષ્મણ સિંહજી ભાટી** (ભાઈ)
**તથા સમસ્ત ભાટી પરિવાર** (ભાણપુર)
**મો. ૯૯૭૯૯ ૩૩૩૩૨, ૭૦૧૬૬ ૧૫૮૨૬, ૯૦૯૯૫ ૮૪૮૦૮**




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com